# હું 'તાપણું' સુધી કેમ પહોંચ્યો?

સાહિત્યમાં પ્રવેશ કરવો અને પુસ્તક સુધી પહોંચવું એ મારા માટે એક વિરલ ઘટના કહી શકું. સાહિત્યના 'સ' સાથે મારા પરિવારને દૂરદૂર સુધી કંઈ લાગતુંવળગતું નથી. નાનપણમાં ભણતી વખતે પુસ્તકોમાં બ્લૅક ઍન્ડ વ્હાઇટ ફોટા સાથે કવિ લેખકોનો પરિચય આવતો, એ વાંચતો ત્યારે એમનાં નામ કે લખાણ સાથે મને કોઈ નિસબત નહોતી. એ બધું અભ્યાસના ભાગ રૂપે થતું. મને તો એમના ચહેરા પર દાઢી-મૂછ દોરવી, ચશ્માં દોરવાં જેવાં ગતકડાં કરવાં અતિ ગમતાં!

ભણ્યા પછીનો તબક્કો નોકરી મેળવવા માટેનો આવ્યો. નોકરીની તૈયારીના ભાગરૂપે ગુજરાતી સાહિત્યના લેખકોનો પરિચય, કૃતિઓ નાછૂટકે યાદ રાખવા વાંચવી પડી. એ વખતે જેમ બાબુ વીજળીને મીરજાફરે હંફાવ્યો હતો એમ જ મને લેખકોની જોશી, ભટ્ટ, ત્રિવેદી જેવી ભેળસેળ થતી અટકોએ હંફાવેલો. એમના ફોટા પર દાઢી-મૂછ દોરતો એનો બદલો એ લેખકો કદાચ મારી સાથે વાળતા હશે! એવું મને લાગવા લાગ્યું. ક્યારેક ભટ્ટને બદલે જોશી લાગી જાય તો ક્યારેક જોશીની જગ્યાએ ત્રિવેદી ઘૂસી જતું. જેવો ક્યોં એવો હંફાવ્યો હતો! કોઈ વાતે આ ભુલભુલામણીમાંથી બહાર નીકળી શકતો નહોતો. અંતે લેખકનો પરિચય પડતો મૂકીને પછી

પુસ્તકમાં આપેલી વાર્તામાં ઘૂસી જતો. જેટલી વાર્તાઓ આપેલી હોય એ બધી વાંચી કાઢતો. વાર્તાઓ વાંચતી વખતે નાનકડી એવી લઘુકથા પણ વાંચવામાં આવી. જેમાંની 'રેફરન્સ બુક', (ઇજ્જત કુમાર ત્રિવેદી) 'ઘા' (જનક ત્રિવેદી) અને 'પંડ્યાના' (નસીમ મહુવાકર) જેવી ફક્ત બે-ત્રણ પૅરેગ્રાફની ટચૂકડી લઘુકથાઓ વાંચ્યા પછી હું અંદરથી હચમચી ગયેલો. સંવેદન, લાગણી શું કહેવાય એ મને ખરા અર્થમાં એ લઘુકથાઓ શીખવી ગઈ. 'નાનું પણ નાગનું બચ્ચું' કહેવત પણ મને એ ઘડીએ સાદ્યંત સાચી પુરવાર થતી લાગી. જેમ 'ઘા' લઘુકથામાં નાયકનું કોદાળીનું પાનું સુકાયેલા પગલાને વીંધી જમીનમાં ઊતરે છે એવી જ રીતે મારા હૈયામાં પણ લઘુકથા ઊંડેઊંડે ઊતરી ગઈ. એ જ ઘડીએ એક સંકલ્પ લીધો કે નોકરી મળ્યા પછી લઘુકથાઓના સંગ્રહ મગાવીને વાંચવા છે. પછી તો ચાર-પાંચ વર્ષ એમ જ તૈયારી અને નોકરીમાં નીકળી ગયા. વાંચવાનો સંકલ્પ વીસરાઈ ગયેલો. 'દિવ્યભાસ્કર'ની રામ મોરીની 'કૉફી સ્ટોરી' અને અજય સોનીની 'કથા કૅન્વાસ' કૉલમ વાંચતાં વાંચનનો સંકલ્પ ફરી સળવળ્યો.

વર્ષ ૨૦૧૯માં પહેલી વખત લઘુકથાના ત્રણ સંગ્રહો મગાવ્યા. એ વાંચ્યા પછી મનેય લઘુકથા લખવાનો ચસકો ચડ્યો અને પહેલી લઘુકથા 'તાપણું' લખી. 'શબ્દસૃષ્ટિ'માં મોકલી અને ખેદ સાથે 'શબ્દસૃષ્ટિ'ના તંત્રીએ પરત મોકલી.

જેમણે આ પુસ્તક કરવા માટે મને સતત ધક્કો માર્યો છે એવા પરમ મિત્ર વિષ્ણુ ભાલિયા અને નરેશ બાબરિયા તથા આ સંગ્રહ તૈયાર કરાવવા જેમણે સૌથી વધુ રસ લીધો છે, એવા પરમ મિત્ર મયૂર ખાવડુ કે જેમણે હોંશભેર પુસ્તકની પ્રસ્તાવના પણ લખી આપી છે. આ તકે ઉપરોક્ત ત્રણેય મિત્રોનો આભાર માનીને એમના ઋણને ઉતારવા નથી માગતો.

રાજુલબહેન ભાનુશાલીએ ‘વીંજણો’ લઘુકથા પર કરેલ આસ્વાદલેખ આ પુસ્તકમાં સમાવેશ કરીને આ તકે એમને પણ યાદ કરું છું. જેમણે મારી લઘુકથાઓ વાંચીને મૅસેજથી, ફોનથી કે સોશિયલ મીડિયા થકી પોતાના પ્રતિભાવો આપ્યા છે, એ સર્વેનું પણ આ તકે સ્મરણ કરું છું.

હવે આ લઘુકથાઓ મારી ન રહેતાં તમારા સૌની થઈ! અંતે જેના આશીર્વાદ વગર એક શબ્દ પણ લખવા સમર્થન નથી એ મા સરસ્વતીના ચરણોમાં કોટીકોટી વંદન કરીને અહીં અટકું છું.

૨૭ જાન્યુઆરી, ૨૦૨૬ – **રાજેશ વાઘેલા**

# અનુક્રમણિકા


1. તાપણું............................1
2. ગુલદસ્તો.........................3
3. ઘરપત...........................4
4. તિરાડ ............................6
5. ભમરો ...........................9
6. મૂળ સોતું ઊખડેલું............11
7. એંઠવાડ ........................14
8. લીંબુડી ........................16
9. તારીખિયાનું પાનું............ 18
10. શેળાયું.........................20
11. તપેલી..........................23
12. ઓટલો.........................25
13. વૅલેન્ટાઇન ગિફ્ટ............27
14. જીવ............................29
15. ગુલાબી લેવાં હો!........... 31
16. મકાનનું ધ્યાન રાખજો.......34
17. ઠૂંઠું .............................37
18. ઊંડાણ.........................40
19. એકબીજાની ઘરપત..........43
20. ગૌમુખી........................45
21. કિરણ અને રેખા............47
22. શ્રદ્ધા ...........................49
23. શેરી............................ 51
24. મારી જેમ......................53
25. પડઘો...........................55
26. નવી ઉડાન ....................57
27. ટિફિન ..........................59
28. રેશમી જાળાં ..................62
29. થાપ.............................64
30. તરાપ...........................66
31. વીંજણો.........................68
32. બિનઉપજાઉ ..................70
33. પ્લૅટફૉર્મ........................72
34. બટકું રોટલો .................74
35. ઈર્ષા.............................76
36. કેસૂડાં...........................79
37. તો...! ......................... 81
38. હથવાર.........................83
39. બેબીકટ ........................86
40. થપ્પો............................88
41. પાંજરાવૃત્તાંત .................90
42. ખાલી ઘર! ....................92
43. છીંડું ...........................94
44. વાસણ..........................96
45. પરિશિષ્ટ.......................98